સાલ : ૨૪ / સિલસિલાવાર નંબર : ૧૯૪ / શુમારો : ૨ — ફુલ પાના - ૧૬

بسم الله الرحمن الرحيم

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. — રબીઉલ અવ્વલ - રબીઉલ આખર ૧૪૪૮ / ઓગસ્ટ - સપ્ટેમ્બર ૨૦૨૬

## વક્તે હાઝિર – " જેન-ઝી "

**"જેન-ઝી (Gen-Z)"** આજના જવાનો અને શબાબોનું નવું નામ છે, પહેચાન છે, સિક્કો છે, જોશ છે, ઉમ્મીદ છે. આ હમારા જવાનો, પછી તેઓ કૌમના હોય, મિલ્લતના હોય યા મુલ્કના હોય, પોતાની વાતને મુકવામાં, મનાવવામાં અને તેને પ્રેક્ટીકલ તૌરથી કરવામાં અને જોવામાં આવડત રાખે છે. તેઓના ખયાલાત, તસવ્વુરાત અને વહેવાર "ગયા યા ગુઝરનાર જેનરેશન" કરતા થોડા અલગ પડે છે.

હમારા બાવાજીઓ યા તેમના કરતા પહેલાના બુઝુર્ગો સબર રાખીને, વક્ત ગુઝારીને, બધું ચલાવી લેતા હતા, ઢીલ-ઢાલથી કામ લેતા હતા.

"ખુદા બધું બરાબર કરશે",
"સબર કરીશું તો કામિયાબ થઈ જઈશું",
"ઝઘડો કે બોલાચાલી કરીને તઅલ્લુકાત ના બિગાડાય",
"ખુદા એને જોઈ લેશે",
"ઝાલિમ પર એક બીજા ઝાલિમ હોય જ છે",
"કહાઁ તક લડીશું, ઝઘડીશું",
"આજ નહીં તો કાલ હક્કનું મિલી જ જાશે",
"કિસ્મતમાં જે હશે તે જ મિલશે",
"જે બિગાડશે તેનું બિગડશે",
"આજ એનો છે, કાલ હમારો છે",
"ચુપ રહેવામાં લાખ ગુણ છે",
"ઝિંદગીમાં કડવાશની કહાઁ જગા છે".

આ તમામ જુમ્લાઓ યા આ કરતા બીજા લેટ-ગો કરવાના મુહાવરા પાસિંગ જનરેશન ઈસ્તેમાલ કરતા હતા.

તેમના નઝદીક જેમ આવક મહેદૂદ હતી તેમ ખર્ચાઓ ઓછા હતા. રહેની-કરની અને આદતો સાદી હતી. ઘરેલું ચીઝો પસંદ કરતા હતા. એજ્યૂકેશન ઓછું હતું. જોબ-સર્વિસનો તસવ્વુર ન્હોતો, નોકરી કે ગુલામી હતી. બધાને રૂબરૂ મિલતા હતા, બેઠકો-મહેફિલો-વાતચીત ફેસ-ટૂ-ફેસ થાતી હતી. દવા-પઢાઈ-જમણ-મકાન હર કોઈની પહોંચમાં હતા. જોઈન્ટ ફેમિલી હતી. એન્ટરટેનમેન્ટના સાધનો ના ને બરાબર હતા. એકબીજાને ખૂબ નઝદીક હતા અને એમનું જહાન ખૂબ જ મુખ્તસર હતું.

**"જેન-ઝી"** ની વાત કરીએ તો હમારા દરમિયાન જ હમારા જવાનો રહે છે. હુશિયાર છે, કાબિલ છે, બેદાર છે, ઝિમ્મેદાર છે, ભણેલા છે, ઝનૂની છે, પોતાનો હક્ક માંગનાર અને સાબિત કરનાર છે, જૂઠ સામે લડનાર છે, મોટાઓને ઈઝ્ઝત આપીને એમની રાહબરીને કુબૂલ કરનાર છે, પ્રોફેશનલ્સ છે, જોબ કરીને તજરૂબો હાસિલ કરનાર છે, પોતાના બાપ-દાદાના બિઝનેસને આગલ વધારનાર છે, પોતે કમાઈને ખર્ચ કરનાર છે, શૌકીન અને કઈ પણ મિલે તે જમી લેનાર છે અને થોડા ચૂઝી પણ છે, પોતાના હમજોલીઓ અને સાથીઓને ખુશ રાખનાર છે, નાઈન્સાફીને ખિલાફ આવાઝ ઉઠાવનાર છે વગૈરહ.

**"જેન-ઝી"** ની આ તમામ ચીઝોને મઝબૂતી બખ્શનાર અને રાહ બતાવનાર હાલમાં પૂરી દુનિયામાં મંઝરે આમ પર આવેલી, મશ્હૂર થયેલી ચીઝ સોશિયલ મીડિયા છે. આ મીડિયા-માધ્યમ કે પ્લેટફોર્મ-જેના ઉપર

(બકીયહ પેજ નં. ૨ પર)

**યા " કાઝિયુલ હાજાત ", અલ્લાહતઆલાની બારગાહમાં હાજિત કઝા થાય તે વાસ્તેની દોઆની ઈબ્તેદા છે.**

(પેજ નં. ૧ નું બાકી)

સમાજ-કૌમ-મુલ્ક-સોસાયટીના મુખ્તલિફ લોગો ઈલેક્ટ્રોનિક સાધનોના ઝરીએ એકબીજા સાથે કનેક્ટ થઇ શકે, પૈગામ મોકલી શકે, વિડીયો યા ઓડીયો મોકલી શકે, સ્ક્રીન પર એકબીજાને જોઇ શકે, મિટીંગ કરી શકે, ખરીદી-વહેંચી શકે, બેંકિંગ કરી શકે, બુકિંગ કરી શકે, કન્સલ્ટ કરી શકે, નવી-નવી ચીઝોને જાણી શકે, પોતાના તસવ્વુરાત અને ખયાલાતની આપ-લે કરી શકે વગૈરહ.

આ મીડિયાના માતહત **"જેન-ઝી"** પોતાની આઝાદી, તાકત, પહોંચ અને પહેચાનને એક નવી બલંદી આપી રહ્યું છે. જહાનના લોગોની બહેતરી વાસ્તે, બૈદારીની હવા ચલાવીને ઈન્કેલાબનું મોજું લાવી રહ્યું છે. **હમારા દરમિયાન હમારી જમાઅતના જવાનો પણ આ જ "જેન-ઝી" ના હિસ્સા છે.** હમેં હમારા આસપાસના માહૌલથી જુદા નથી. હમેં બીજા સમાજો સાથે જોડાયેલા છે. હાલાતે હાઝેરહના ઉતાર-ચઢાવ જેમ બીજાને અસર કરે છે, તેમ હમને પણ અસર કરે છે. હમારા જવાનોમાં પણ ખૈર, ખિદમત, તરક્કી, પ્રોગ્રેસ, પરફેક્શનનો જઝબો સમાયેલો છે.

હમારા ખત્મુલ મુરસલીન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "ઝમાનો-વક્ત ગમે તેવો હોય, લોગો ગમે તેવું કરે યા વિચારે, પણ હમારી શરીઅત જે રસ્તો, તરીકો અને કાનૂન અપનાવવાનું કહે છે, **તે આઅલા છે, મઝબૂત છે, કોન્સ્ટન્ટ છે, સાબિત છે, સર્વોપરી છે.** કોઇ પણ જનરેશનના લોગો તેને અપનાવે તો યકીનન કામિયાબી અને તરક્કી જ હાથ લાગે.

(૧) જો હમને પરહેઝગાર બનવું હોય, મુત્તકી બનવું હોય, તો હમેં અલ્લાહતઆલાએ બતાવેલા **ફરઝો** મુજબ અમલ કરીએ. બીજી ગૈર-લાઇક, ગૈર-ઝરૂરી ચીઝોમાં વક્તને ઝાયેઅ ના કરીએ. હમારા આઅમાલ હમારી ઝિંદગીનું રિપોર્ટ-કાર્ડ છે.

(૨) જો હમને લોગોથી બેપરવાહ થાવું હોય, તો અલ્લાહતઆલાના હર હુકમ પર હમેં **રાઝી-ખુશ** રહીએ. હુક્મ હમારી તબીઅત મુજબ હોય યા તેના ખિલાફ હોય, તે તો હમારા રબ્બ તરફથી છે, જેનો ઈન્કાર હર હાલમાં નામુમ્કિન છે. હુક્મને બરદાશ્ત કરવાની કોશિશમાં જ હમારો ઈમ્તેહાન છે. તેમાં હમારી મરઝીની કોઇ ગુંજાઇશ બાકી રહેતી નથી.

(૩) જો હમને લોગોમાં ઈઝઝત પૈદા કરવી હોય, તો હમને હમારી ઝાત પર ખૂબ જ કંટ્રોલ રાખીએ. હરામ કામોથી હમારા હાથને, આઁખોને, ઝબાનને, કાનને, શરમગાહોંને, ઝહેનને, પગોંને બાંધીને રાખીએ. આ તમામ હરામકારી-હરામખોરીનું ગઢ **સોશિયલ મિડીયા** બનેલું છે કે, જેને ઈસ્તેમાલ કરવા પર હમેં કોઇ હદબંધી કીધી નથી. તેના ઉપર કંટ્રોલ કરવા વાસ્તે ટાઇમ મેનેજમેન્ટ અને હમારા ઝાતી કાનૂન લાગુ કરવા ઝરૂરી બની જાય છે. કચરાને જનરેટ થાતા રોકીશું તો જ ચોખ્ખાઇ દેખાશે.

(૪) જો હમને ખુદને સાચવવા હશે તો હમારા **રિશ્તેદારોને, દોસ્તોને અને સાથીઓને** સાચવવા પડશે. હમેં એકલા નહીં રહી શકીએ. સાથે મિલીને રહેવામાં જ ઝિંદગીનો મઝા છે. કોઇ હમને મોહબ્બત કરે અને હમેં કોઇને મોહબ્બત કરીએ તો હમારા દરમિયાન હમારો સેહતમંદ સમાજ બની શકે છે.

ઉપર મઝકૂર ચીઝો **"જેન-ઝી"** ને વાસ્તે ઝરૂરી તેના વાસ્તે છે કે, ભલે હમારા જવાનો હુશિયાર, ઈન્ડીપેન્ડન્ટ, સ્ટ્રેટ-ફોરવર્ડ, ઈઝી-ગોઈંગ, કોન્ફીડન્ટ, એડવેન્ચરસ હોય મગર આ સાથે તેઓમાં ઘણી બદીઓ ઘર કરી ગઇ છે. તેને મિટાવવા વાસ્તે રસૂલુલ્લાહ બાવાજીએ જણાવેલા ૪ નુસ્ખાઓને અપનાવવું ખૂબ જ પુરફાયદા છે.

(બકીયહ પેજ નં. ૩ પર)

**" અય અલ્લાહતઆલા ! આપ મારી હાજિતને બર લાવો, કેમકે, આપ મારા દિલના તમામ હાલાતથી વાકિફ છો. "**

(પેજ નં. ૨ નું બાકી)

**"જેન-ઝી"** ની બદીઓની ઝિક્ર કરીએ તો,

(૧) તેઓમાં નમાઝની કમી આવી ગઈ છે, ખાસ કરીને ફજરની નમાઝ, કેમકે તેઓ યા તો લેટ-નાઈટ કામ કરે છે યા બહાર ફિરે છે યા ફોન પર ચેટ કરે છે.

(૨) ડ્રગ્સ-શરાબખોરી-જુએબાઝી-ઝિનાખોરી વધી ગઈ છે. ગૈરજાઇઝ તઅલ્લુકાત, એબોરશન, લિવઈન પાર્ટનરશિપ, ક્રોસ-કલ્ચર ફ્રેન્ડશિપ, ઓફિસ ફ્રેન્ડસના સબબ આ બદી વધતી જાય છે.

(૩) ઓનલાઈન મની ટ્રાન્ઝેકશન, ઇ-કોમર્સ, બેંકિંગ, ગેમિંગ, વગૈરહથી હાથ પર ઝિયાદહ પૈસા આવી જાવાથી ફિઝૂલ-ખર્ચી, ગબનખોરી, ચોરી-ચબારી, લોન-ડિફોલ્ટર જેવા ગુનાહોં ઔજ પર છે.

(૪) વ્યસન, એડિક્શન, બંધાણી બનવું આમ છે. મોબાઈલ પર વાતો કરા કરવી, ચેટ કરવું, નોટીફીકેશન જોયા કરવું, ફોન ચેક કરા કરવો, ગૈર-ઝરૂરી મેસેજ કરવો, રીલ્સ જોવી, હર વિડીયો જોવો, ફોરવર્ડ કરવું વગૈરહ હમારા જવાનોનો કીમતી ટાઇમ ખાઈ રહ્યું છે.

(૫) ઘરેલું ઝઘડા વધવા, ઘરમાં ધ્યાન ના આપવું, બૈરો-બચ્ચાં સાથે ટાઇમ ના ગુઝારવો, પઢવા-ભણવાનો કોઈ ખ્યાલ ના હોવો, બહારથી આવીને પણ મોબાઈલની દુનિયામાં જ મસ્ત રહેવું. આ બધી ચીઝો ડાઈવોર્સ નો સબબ બને છે. ડિપ્રેશન, તણાવ, ઝહેની બોઝ વધતો જાય છે. મુકાલેમો-વાતચીત-બોલવું ઓછું થાતું જાય છે. દોસ્તો સાથેના રિશ્તા તૂટતા જાય છે. બુઝુર્ગો સાથેની સંગત ઘટતી જાય છે. હમારા જવાનો સેલ્ફ-સેન્ટર્ડ, ચીડિયલ, ઝિદ્દી, લાલચખોર, પૈસા કમાવવાના ચક્કરમાં ફસાતા જાય છે.

આ તરહ હરએક ઝમાનમાં જો કોઈ તબકાના લોગો તરક્કી કરે છે, મશ્હૂર થાય છે અને બીજા ઝોરશોરથી તેમની મિસાલ લે છે, તો એ જ લોગો કોઈ ચીઝમાં હદથી વધી જાય છે, ગુરૂર આવી જાય છે, ચંદ આદતોમાં આઉટ-ઓફ-કન્ટ્રોલ થઈ જાય છે, તો તેમની પસ્તી, ઝિલ્લત અને ગુમનામી શુરૂ થઈ જાય છે અને પછી સમાજ વાસ્તે મોટો ખતરો અને ચેલેન્જ બની જાય છે.

અલ્લાહતઆલાની બારગાહમાં હમારી ઈલ્તેજા છે કે, હમારા **"જેન-ઝી"** ના જવાનોને તાકત, કૂવત, તરક્કી તો આપે પણ હમારા ૪૫ માં દાઈએ હક્ક સૈ.વ.મૌ. અબૂ સઈદિલ ખૈર ડૉ. હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ની રાહબરીમાં એવી તૌફીક આપે કે, જવાનો શયતાની જાલમાં ફસાઈને લહેકી-બહેકી ના જાય અને કોઈ પણ ચીઝમાં હદથી વધી ના જાય. હમારા જવાનો જ હમારી જમાઅતની અસલ તાકત છે. ✯

---

અય કૌમ કે જવાનો, ખુદ કો ઝરા સંભાલો,
હરએક જગા હે શૈતાઁ, બચકે કદમ બઢાઓ.

હે હોશ, હોંસલા ભી, હુશ્યિારી ભી હે તુમ મેં,
શર કો શિકસ્ત દેના, બૈદારી ભી હે તુમ મેં,
તુમ કામ ઐસે કર લો, શૈતાનીયત મિટા દો,
અય કૌમ કે જવાનો, ખુદ કો ઝરા સંભાલો.

અબ કૌમ કી તરક્કી, હાથોં મેં હે તુમ્હારે,
મઝધાર મેં હો કિશ્તી, લે જાના તુમ કિનારે,
કરની હે દૂર મુશ્કિલ, પુખ્તા ઈરાદા કર લો,
અય કૌમ કે જવાનો, ખુદ કો ઝરા સંભાલો.

(બકીયહ પેજ નં. ૪ પર)

**હાજિત પૂરી થાય તેની દોઆ કરનાર બંદાની ઝબાન પાકો સાફ હોવી જોઈએ.**

(પેજ નં. ૩ નું બાકી)

બિગડેગા કામ તુમ સે, જલ્દી કરોગે જિસમેં,
બન પાએગા વો તુમ સે, શામિલ સબર હો જિસમેં,
રાઝી ખુદા હો જિસ મેં, ઉસમેં હી મન લગાવો,
અય કૌમ કે જવાનો, ખુદ કો ઝરા સંભાલો.

ચાદર હો જિતની લંબી, ફૈલાવો પૈર ઉતને,
કૈસે અદા કરોગો તુમ કર્ઝ લોગે જિતને,
કમ કર લો ખ્વાહિશાતેં, ખરચોં કો કૈદ કર લો,
અય કૌમ કે જવાનો, ખુદ કો ઝરા સંભાલો.

હે રસ્મ એક મુકદ્દસ, હે શર્મ કી નિશાની,
ઘર મેં હે ઈસ સે ઝીનત, ખુશીઓં કી હે કહાની,
શાદી હે ખૂબસૂરત વાઅદે કો તુમ નિભાલો,
અય કૌમ કે જવાનો, ખુદ કો ઝરા સંભાલો.

હે એક શરાબે જન્નત જો હે ખુદાને બખ્શી,
તુમ કો ઈબાદતોં સે ઉસકી જઝા મિલેગી,
આદત શરાબે બદ કી, તુમ ખુદ સે અબ છુડા દો,
અય કૌમ કે જવાનો, ખુદ કો ઝરા સંભાલો.

હર ચીઝ કે હૈં દો રૂખ, અચ્છા ભી હે બુરા ભી,
હર હાથ મેં હે મોબાઈલ, બચ્ચા, બુઢા, જવાઁ ભી,
એક ખાસ વક્ત દે કર, ફાઈદા તુમ ઉઠા લો,
અય કૌમ કે જવાનો, ખુદ કો ઝરા સંભાલો.

તુમકો અગર કહે કોઈ, " જેન-ઝી " કી પૌત હો તુમ,
સંજીદગી સે કહેના, નાદાની મેં નહીં ગુમ,
મહેનત હે ખૂબ કરની, ઉઠો કદમ બઢા લો,
અય કૌમ કે જવાનો, ખુદ કો ઝરા સંભાલો.

કુછ વક્ત ગુઝરને મેં, જો આતા હે જાતા હે,
કોઈ એક હી હાલત મેં, ખુદ કો નહીં પાતા હે,
તાકત મેં જવાની મેં, પાના હે જો તુમ પા લો,
અય કૌમ કે જવાનો, ખુદ કો ઝરા સંભાલો.


મૌલા કી તમન્ના હે, આબાદ રહો તુમ સબ,
કરતેં હૈં દોઆ હર દમ, તુમકો દે તરક્કી રબ,
મૌલા જો કહે સુન લો, મૌલા જો કહે કર લો,
અય કૌમ કે જવાનો, ખુદ કો ઝરા સંભાલો.

કાગઝ, કલમ યે દફતર, કાફી નહીં હે અન્વર,
કુછ કર કે દિખા દો તુમ હે યે સવાલ લબ પર,
મિલ કર ઈરાદા કર લો, હાથોં મેં હાથ લે લો,
અય કૌમ કે જવાનો, ખુદ કો ઝરા સંભાલો. ☆

**દોઆ કરવા વાસ્તેનો વક્ત, જગા, નિય્યત અને અલ્ફાઝ સહી, નરમ, ખુશૂઅ-ખુઝૂઅવાલા હોવા જોઈએ.**

## લફઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**



૧) અલ્લાહતઆલા તરફથી આ ઝમીનની પીઠ પર લોગોને સહીહ રસ્તો બતાવવા વાસ્તે આવનાર - ----- મૌજૂદ હોય છે યા આપના કોઈ ખલીફા-ઈમામ-હુજ્જત-દાઈ હાઝિર હોય છે. (૨)

૨) જે તરહથી તમેં બીજા ઉપર તોહમત લગાવશો, તે જ ------- તે તોહમતના અલ્ફાઝ તમારા પર આવીને વાગશે. (૩)

૩) હાઁ! એ ભાઈને હું જાણું છું, ઘણા જ નૈક છે, અવાર ------- મસ્જિદમાં આવીને નમાઝ પઢે છે. (૩)

૭) ---------! વરસાદનો ઈન્તેઝાર ખત્મ થયો. હવે કઇ દિલને ઠંડક પહોંચી છે. (૨)

**✵ આડી તરકીબ :**


૨) "ઈમામિમ -------", ઈરશાદે ખુદાવંદી છે કે, હમેં આ દુનિયા-આખેરતની તમામે તમામ ચીઝો ને ઈમામમાં સમેટીને મુકી દીધેલી છે. ઈમામની ઝાતે નૂરાનીથી કોઇ જ ચીઝ ખાલી નથી. (૩)

૪) જેવું ------ ઝમીનમાં નાખશો તેવું દરખ્ત તેમાંથી નમૂદાર થાશે. નિય્યત જેવી હશે તેવો તેમાંથી અમલ ઊગી નિકલશે. (૨)

૫) -------- કરવી ઈન્સાની આદત છે. જો એ નહીં કરે, તો એ હર તરહ ના બોઝ અને તનાવમાં રહેશે. ઝબાનને ઈસ્તેમાલ કરવાનો આ તરીકો દિલનો રસ્તો છે. (૨)

૬) ------ નો મૌસમ તમામને દિલકશ લાગે છે. મગર યાદ રાખવું જોઈએ કે, એ જ બગીચામાં ખિઝાઁ અને પાનખર પણ આવે છે. ઝિંદગીના આ બાગમાં હર તરહનો મૌસમ હોય છે. (૩)

**લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**



**લફઝી કશ-મ-કશના કૉલમના સવાલાતનો હલ આ સાથે જ આખિરમાં ઊંધા જવાબો પ્રિન્ટ કરીને આપવામાં આવો છે. કારેઇનથી ઇલ્તેમાસ છે કે, પહેલા સવાલાતને હલ કરવાની કોશિશ કરે અને પછી ખુદ જ પોતાના જવાબો સહી છે કે ગલત, તેની તફતીશ કરે.** ✫


### તિજારત

**HAATEMI COLLECTIONS**

**(AC STORE)**

All type of Ridas, Dress Materials & Readymade, Night Wears, Hand Bags & Purses, Saya-Kurta Materials & Readymade, Bohra Topi, Jazam Materials & Galicha, Gift Articles, Hajj and Umrah Ehram and all Accessories, Iddat all items, Specialist in all kind of Hadiya & Silat items.

Shop No.9, Taj Complex, Ajwa Road, Vadodara - 390019.

**Fatema B. Bhaisaheb**

**Ph.: 9408786281 / 9998666771** ✫

### તિજારત

**Ismat Tinwala (MA, B.Ed.)**

**25 Years** of Proficiency in Sanskrit, Hindi & Gujarati Subjects.

**8th to 12th (GSEB, CBSE, ICSE)**

A2/103, Ali Chamber-1, 1st Floor, Taiyebi Park, Ajwa Road, Vadodara - 390019.

**Ph.: 09409156524** ✫


**હાજિત પૂરી કરવાની દોઆમાં વસીલો લેવો ઝરૂરી બની જાય છે.**

**હાજિત પૂરી ના થાય તો બંદાને દોઆ કરવાનું છોડી દેવું ના જોઈએ.**

## દીવાને મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.)
### કિસ્ત - ૨૭

**શેઅર : અકબિલ અલલ ઇસ્લામે ઇન્નકા જાહેલુન, વતજન્નબિલ ઉઝ્ઝા વ રબ્બકા ફઅબોદા.**

**તરજુમો :** દીને ઈસ્લામને કુબૂલ કરવા પર તું ગૌરો ફિકર કર, બેશક ! તું બેખબર જાહિલ છે. ઉઝ્ઝા જેવી પત્થરની મૂરતથી અને તેની ચાકરી કરવાથી દૂર થા. તારા રબ્બ અલ્લાહતઆલાની ઈબાદતમાં તું મશગૂલ થા, એ જ ઈસ્લામની અસલ તાઅલીમ છે.

**શેઅર : વલ્લાતા વલ હોજરાતે ફહજુર ઇન્નની, અખ્શા અલયકા અઝાબા યૌમિન સરમદા.**

**તરજુમો :** લાત જેવી પત્થરની મુરતથી તું અલગ થઈ જા. વહેમ ભરેલી તારી ખાલી બેમાઅના વાતોને તું મુકી દે. હું ખૌફ કરૂં છું કે, મૌત બાદ તારા ઉપર એવો વક્ત ના આવે કે હમેશા વાસ્તે તુંને અઝાબમાં રહેવું પડે.

**ઉપર મઝકૂર બેવે શેઅરની તશ્રીહ** : કિસ્ત - ૨

કિતાબ બિશારતુલ મુસ્તફામાં બયાન આવેલું છે કે, અમીરૂલ મુમેનીન મૌ.અલી બિન અબી તાલિબ (અ.સ.) એક દિન જન્નતુલ મોઅલ્લા (રૌઝહ મક્કીયહ) માં બેસા હતા અને એક શખ્સ આપને આવીને કહે છે કે, “અય અલી, આપ યહાઁ પર શું બેસેલા છો ? આપના બાવાજી આગમાં ગયા યાઅની મૌ.અબૂ તાલિબ વફાત થઈ ગયા.” આપ ગઝબનાક થઈને બોલા કે, “ **ફઝ્ઝલ્લાહો ફાકા,** ” યાઅની કે, અલ્લાહતઆલા તારા મૂઁહને તોડી નાંખે, તું બેઆબરૂ અને બેઈઝ્ઝત થઈ જાય. તે ખુદાએ વહદહૂ લાશરીકના કસમ ! તેએ મારા મુરબ્બી અને મૌલા મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ને આ જહાનના લોગો વાસ્તે નબી બનાવીને મોકલા અને આપની પરવરિશ મારા બાવાજીના ઘરમાં થઈ. મને ઈજાઝત આપી કે, હું નબી સાહેબના હાથ પર દીને હક્કને કુબૂલ કરૂં. મારા બાવાજી આ રૂએ ઝમીન પર રહેનાર તમામ ગુનાહગારોને વાસ્તે શફાઅત કરે, **તો ઝરૂર ! અલ્લાહ એમની શફાઅતને કુબૂલ કરે.** અફસોસ તારા ઉપર ! શું આ તમામના બાવુજૂદ મારા બાવાજી જહન્નમની આગના અઝાબમાં મુબ્તેલા થાશે ? હાલાંકે તું જાણે છે કે, એમના દીકરા, આ અલી જન્નત અને જહન્નમને તકસીમ કરનાર છે !”

ઔર મઝીદ બયાન આવેલું છે કે, મૌ. અબૂ તાલિબના વફાતને પહેલા આપના પાસે કુફ્ફારે મક્કા, અબૂ સુફીયાન, અબૂ જહેલ, ઉત્બહ બિન શૈબહ વગૈરહ ---- આવા અને કહ્યું કે, અય અબૂ તાલિબ ! આપનો દરજો હમારા નઝદીક કેવો છે તે આપ બાખૂબી જાણો છો અને આપ પોતાને જોવ છો કે, આપ પોતે મૌતના બિછોના પર છો અને આપના ભત્રીજા મોહંમદ અને હમારા દરમિયાન જે મઝહબી ઝઘડો છે તેને આપ જાણો છો. હમેં આપના પાસે તે સબબથી આવેલા છે કે, આપ એને બોલાવીને સમઝાવી દો કે, એ હમને ના છેડે અને હમેં પણ એને નહીં છેડીએ, તે જ બહેતર છે. એનો રસ્તો જુદો છે અને હમારો રસ્તો જુદો છે. જો એ આ ચીઝથી બાઝ નહીં આવે, તો યહાઁ એની જાનની કોઈ સલામતી નથી.”

મૌ.અબૂ તાલિબે નબી સાહેબને બોલાવા અને કુફ્ફારની ધમકીઓ અને બીજી શરતોથી આગાહ કીધા. કહ્યું કે, “અય મારા લાડલા નબી ! **તમેં એ લોગોથી ગભરાશો નહીં.** તમારા રબ જે તમારાથી ચાહે છે તે કરી ગુઝરો. તમારા હક્કમાં તમારો રબ તમારી જાનનો મુહાફિઝ છે. તમારા વાસ્તે ઝરૂર તે ઈન્સાફ કરશે અને તમારા કામ પર શાહિદ રહેશે.” (બકીયહ પેજ નં. ૧૨ પર)

**“ મારી હાજિત પૂરી કેમ નથી થાતી ? ” આ સવાલ ગૈર-ઝિમ્મેદારાના અને ગૈર-આકેલાના છે.**

## અપની ઝબાન – કિસ્ત - ૧૪

હરએક કૌમની પહેચાન તેની ઝબાનથી થાય છે. ખુદાતઆલાએ પણ કુરઆને કરીમને અરબસ્તાનમાં તેના લોગોની ઝબાન યાઅની અરબીમાં નાઝિલ ફરમાવા અને તે પણ આસાન-સલીસ ઝબાનમાં. આ સાથે કુરઆનમાં તમામ અલ્ફાઝની અસલ-જડ અરબીથી નથી પણ બીજી ઝબાનોથી પણ ચંદ અલ્ફાઝ તઅલ્લુક રાખે છે. ખાસ કરીને ઈબરાની ઝબાન. યાઅની કે, કોઇ એક ઝબાનમાં બીજી મુખ્તલિફ ઝબાનોના મુહાવેરા-અલ્ફાઝ-બંદિશો શામિલ હોય છે. હમારી કૌમ જમાઅતે અલવીયહ નાજીયહની ઝબાન લિસાનુદ્દાઅવત છે. હમને ખબર છે કે, આ ઝબાનમાં ગુજરાતી સાથે અરબી, ઉર્દૂ, ફારસી અને હવે અંગ્રેજીના અલ્ફાઝ મખ્લૂત છે, મમ્ઝૂજ છે, મિલેલા છે. યાઅની કે હમારી લિસાનુદ્દાઅવત મુખ્તલિફ ઝબાનોનું મિક્ષર છે.

આ સિવાય હમેં ઘરમાં, બાઝારમાં, વેપારમાં, રિશ્તાઓમાં, બચ્ચાં સાથે, હસીં-મઝાકમાં, હલકા-ફુલકા માહૌલમાં, તહેવારમાં, ઈબાદતોમાં, હમજોલીઓ-દોસ્તો સાથે, ખુશી-ગમીમાં વગૈરહ એવા અલ્ફાઝ બોલીએ છે, જેનો કોઇ ઝબાન સાથે રિશ્તો-તઅલ્લુક હોતો નથી. ફક્ત તે ચીઝો હમારી બોલચાલમાં વરસોથી દાખિલ થયેલી છે અને કંઇ જ વિચારા બગૈર હમેં તે હાલાત અને બનાવને સમઝાવવા તેને બોલીએ છે. આ અલ્ફાઝ-મુહાવેરાને હમેં યહાઁ આ કોલમને માતહત લાવીશું. એવા અજીબો-ગરીબ અલ્ફાઝ-મુહાવરાને યાદ અપાવીને તેનો મતલબ બતાવીશું. કેટલીક એવી ચીઝો છે જે આજે હમારી ઝબાન પરથી ભુલાઇ ગઇ છે. આ કોલમના સબબ હમને તે જુની ઝબાન યાદ આવશે.

કારેઈન પાસે જો આ તરહના બાઝારૂ યા હલકા-ફુલકા અલ્ફાઝ હોય, ઈસ્તેમાલ કરતા હોય, બોલતા હોય તો તેને ૯૨૨૭૫૯૮૯૦૯ પર વોટસએપ કરી મોકલી આપશો.

**ગયા શુમારાના અલ્ફાઝ :** ઈન મીન સાડે તીન, લાલીયા ટેકન, પિપલમિટ, સાન્નું, વાત આવવી.

**નવા અલ્ફાઝ :**

✷ **ડૂંટો :** જે શખ્સ રાઝની વાતને ખોલી દે, મખ્ફી ચીઝને ઝાહિર કરનાર.

ઈસ્તેમાલ : આવો ડૂંટો ! સંભાલ જો. આના પેટમાં વાત નઈ રહે, તરત ભાર જઈને ઓકી દેસે.

✷ **હુચકો, હુચક્કો :** ઉછલી-ઉછલીને ચાલવું, ફરશને ચોલવાવી દેવું, ઝમીન પર ચીઝોને પાડી નાખવી.

ઈસ્તેમાલ : આ હુચક્કાને તો કાં ઘરમાં બોલાવો. હમના બદ્દું આમતિમ કરી દેસે, બિગાડી નાખસે.

✷ **નકતો :** વાત ના કરવી હોય તો પણ સામે ચાલીને બોલાવનાર.

ઈસ્તેમાલ : રહેવાય જ નઈ ને. નકતો થઈને બોલાવસે. લહરઈ કરવા તો બઉ જોઈએચ પછી પાટા પિંદી કરવા આવેચ.

✷ **તાવદાન :** મોટી કઢંગી ચીઝ, ઊંચું-પહોલું.

ઈસ્તેમાલ : આ તાવદાન જિવું કબટ કાં સી લાવાચ. ઘરમાં કોઈ જગા પર ફિટ નઈ થાય.

✷ **ઊન્દલ્લી :** ઉંદર, ચુહો

ઈસ્તેમાલ : ઝરા, કિચનનું બાન્નું બંદ કરી દો. ઊન્દલ્લી યહાં જ ફિરેચ. રોજ રોટલી કતરી જાઈચ. ✫

---

**ઈમામ જાઅફરુસ્સાદિક (અ.સ.) થી મન્કૂલ છે કે, " આપે એવા નિકાહથી મનાઈ ફરમાવી છે, જેમાં ન અલ્લાહની ખુશ્નૂદીનો ઈરાદો હોય ન પાક દામનીનો મકસદ હોય. આને સિવાય આપને શોહરત અને ખોટા દેખાવના નિકાહથી મનાઈ ફરમાવી છે. "**

---

**અલ્લાહતઆલાના નઝદીક હર બંદા વાસ્તે ભેદ-ભરમ છે.**

## મદીનતુલ મસાઈલ
## ખત્મુલ મુરસલીન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.)

**કિસ્ત - ૧**

**(૧) નબી સાહેબના બાવાજી સાહેબ અને માઁ સાહેબાનું શું નામ છે ?**

**જવાબ :** આપના બાવાજી સાહેબનું નામ મૌ.અબ્દુલ્લાહ બિન મૌ.અબ્દુલ મુત્તલિબ (અ.સ.) અને માઁ સાહેબાનું નામ મૌ.આમેનહ બિન્તે વહબ અઝ-ઝહરી (અ.સ.) છે.

**(૨) આપની પૈદાઇશના વક્ત કાઅબતુલ્લાહ પર શું માજરો પૈશ આવો ?**

**જવાબ :** આપના કાકાજી સાહેબ મૌ. અબ્બાસ બિન મૌ.અબ્દુલ મુત્તલિબ (રિ.અ.) ને ખ્વાબ થયો કે, મૌ. અબ્દુલ્લાહના નસકોરામાંથી એક સફેદ પરિંદુ નિકલું, તે પછી ઉડતું ઉડતું તે મશ્રિક તરફ જઇને મગરિબ તક પહોંચું અને પછી પલટીને આવું અને કાઅબતુલ્લાહની છત પર પડી ગયું. કુરૈશના લોગો આ જોઇને સજદહમાં પડી ગયા. બીજા લોગો કુરૈશનો આ અમલ જોઇને તઅજ્જુબમાં પડી ગયા. પછી બનું એવું કે, આસમાન થી એક નૂર ઝમીન તરફ ઉતરૂં, યહાઁ તક કે, તે મશ્રિકથી મગરિબ તક ફેલાયું.

આ ખ્વાબ મુબારકની તાઅબીર એ બતાવવામાં આવી કે, મૌ.અબ્દુલ્લાહની પીઠ-સુલ્બથી એક એવા પુરનૂર બચ્ચા પૈદા થાશે કે, જેની શાન અઝીમ થાશે અને મશ્રિકો મગરિબના લોગો એને તાબેઅ થાશે. આ બચ્ચા નબી સાહેબ છે કે જેના માઁ સાહેબાએ પણ ઉપર મઝકૂર ખ્વાબ મુજબનો ખ્વાબ જોયો હતો.

**(૩) આપના દાદાજી સાહેબ મૌ. અબ્દુલ મુત્તલિબ (અ.સ.) એ આપના વિલાદત બાદ શું ફરમાવું ?**

**જવાબ :** આપે નબી સાહેબને હાથમાં ઉઠાવા અને ફરમાવું કે, "અય પ્યારા મોહંમદ ! આપના રબ આપના ઉપર સલામ પઢે છે અને ફરમાવે છે કે, આગ હરામ છે તે પીઠ પર કે જે પીઠ માંથી આપ નાઝિલ થયા, અને આગ હરામ છે તે પેટ પર કે જે પેટ આપનું હામિલ બનું, અને આગ હરામ છે તે શખ્સ પર કે જેએ આપની પરવરિશ કીધી. આપ આપની કૌમ-ઉમ્મતના રૌઝે કેયામત શફાઅત કરનાર થાશો. તે બાદ, આપે નબી સાહેબના બેવે ખભાના દરમિયાન મોહરે નુબૂવત લગાવી, રૂહુલ કુદસ ફૂંકી અને નવું કમીસ (ઝભલું) પહેરાવું.

**"ફી અમાનિલ્લાહ વહફેઝહૂ"**, આ કલામ કહેતા કહેતા આપના દાદાજી રૂખ્સત થયા, અલ્લાહના અમાનમાં આપ રહો અને તેની હિફાઝતમાં અલ્લાહ આપના દિલમાં ઈમાન, હિલ્મ, યકીન અને હિકમતોને ભરી દે. આપ ખૈરૂલ બશર છે.

**(૪) શું આપની પૈદાઇશના વક્ત પર આપના બાવાજી સાહેબ મૌ. અબ્દુલ્લાહ હયાત હતા ?**

**જવાબ :** ના, આપ જે વક્ત હમલની હાલતમાં હતા તે જ વક્ત આપના બાવાજી સાહેબ વફાત થઈ ચુકા હતા.

**(૫) શું આપની વિલાદત (પૈદાઇશ) અને વફાત (ઇન્તેકાલ) ની તારીખ એક જ છે ?**

**જવાબ :** હાઁ, ૨જી રબીઉલ અવ્વલ. આપની વિલાદત ૧ આમુલ ફીલ (હાથીઓનું વરસ) માં મક્કામાં થઈ અને વફાત ૧૧ હિજરી મદીનામાં થઈ. આપની ઉમ્રે શરીફ ૬૩ સાલની છે.

**(૬) આપના વાલેદહ માજેદહ (માઁ સાહેબા) ના ઇન્તેકાલ બાદ આપની પરવરિશની ઝિમ્મેદારી કોએ લીધી ?**

**જવાબ :** આપ નબી સાહેબ જે વક્ત ૨ સાલ ૮ મહીનાના હતા, તે વકત આપના માઁ સાહેબા મૌ.આમેનહ ઈન્તેકાલ કરી ગયા. યાઅની કે, કમસિનીમાં જ આપ માઁ-બાવાજીની શફકત અને સાયએ રહમતથી મહેરૂમ થઈ ગયા. આપના દાદાજી સાહેબ મૌ. અબ્દુલ મુત્તલિબે આપને મોટા કીધા. કાઅબાના સાયામાં અને હરમના ફરશ પર આપને (બકીયહ પેજ નં. ૧૨ પર)

**અલ્લાહતઆલા રાઝ અને હિકમતને જાણે છે. કઈ ચીઝ કયા વક્ત પર પૂરી કરવી તેનું ઈલ્મ તેને છે.**

## સલામ – અદના કિસ્મો

**કિસ્ત - ૪**

"સલામ" વાસ્તે ૭ આઅલા કિસ્મ શરીઅતના ૭ ફરઝો-અરકાન મુજબ છે જેના ઉપર ચાલવું હર મુમિન પર લાઝિમ બને છે. આ ૭ કિસ્મનો રિશ્તો અને તઅલ્લુક અલ્લાહતઆલા અને તેના ફરિશ્તા સાથે હોય છે. આ આઅલા કિસ્મોને સાથે-સાથે ૧૨ અદના કિસ્મો પણ હોય છે જે શરીઅતની ૧૨ સુન્નતો તરફ ઈશારો કરે છે. આનો રિશ્તો-નાતો બશર-ઈન્સાન સાથે હોય છે. આઅલા કિસ્મ રૂહાની આલમ સાથે તઅલ્લુક રાખે છે અને અદના કિસ્મ જિસ્માની આલમ સાથે જોડાણ રાખે છે. ગયા શુમારામાં હમેં કારેઈનને ઈફ્તેતાહીયહમાં **"સલામ"** ના મઝમૂન માતહત ૭ આઅલા કિસ્મોની બયાની કરી ચુકા છે. આ શુમારામાં ૧૨ કિસ્મોમાંથી તીસરી કિસ્મ તરફ નઝર કરીશું.

→ **૧૨ અદના કિસ્મો :**

(૩) **અસ્હાબુસ્સુફ્ફહ - દિલના મુખ્લિસ ફકીરો :** ફરમાને ઈલાહી થયું કે, "અય મારા હબીબ ! તમેં એને જ ઈન્ઝાર કરો, ધમકાવો, ખૌફે અઝાબ બતાવો કે જે શખ્સના દિલમાં મારો ખૌફ હોય. તમામને આપની આ વાત અસર નહીં કરે. જે દિલ પર દૌલતે દુનિયાની પકડ હશે તેમાં તકવાની કોઈ જગા નહીં હોય. તમેં અલ્લાહવાલા, ભલેને તેઓ ફકીરો હોય, માલી હાલતથી ખસ્તા હોય, તાકતે દૌલતથી ખાલી હોય, તમેં તેઓની તરફ પહેલા તવજ્જોહ કરો અને સામે ચાલીને મેં તેઓના ઉપર સલામ બોલો. **તૌબા કરનારને અલ્લાહ બખ્શી દે છે.**"

બયાન આવેલું છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના નઝદીક એક દિન કેટલાક કુરૈશના સરદારો આવા. તે હંગામમાં આપના નઝદીક મૌ. સોહૈબ, બિલાલ, અમ્માર, અબૂઝર, સલમાન (રિ.અ.) બેસા હતા. નબી સાહેબે આ તમામ આપના સોહબતીઓને **"અસ્હાબુસ્સુફ્ફહ"** (ફકીરો, હક્કના તાલિબો) લકબ ઈનાયત કીધો હતો. સરદારોએ આપને કહ્યું કે, "આપ પહેલે આ ફકીરોને નિકાલી મુકો, પછી હમેં આપના નઝદીક આવીએ અને આપનાથી કલામ સાંભલીને ઈસ્લામ લાવીએ." તેઓના આ મુજબ એતેરાઝ કરવા પર આપને એવો કઈ ખયાલ દિલમાં થયો કે, આપ ઈસ્લામની ઈશાઅત, ફેલાવ અને ફરોગને વાસ્તે તે મુજબ જ કરે જે મુજબ કુરૈશી સરદારો ચાહતા હતા.

મગર પછી ઈરશાદે રબ્બાની થયો કે, **"એ ફકીરો જેવા દેખાતા આપના ખાસ મદદગારોને, હમદર્દોને કોઇના કહેવાથી હરગિઝ ના નિકાલો, દૂર ના કરો. જો આપ આમ કરશો તો ઝાલેમીનમાં શુમાર થાશો."** દુનિયાવી જાહો હશમ અને માલો મતાઅ અલ્લાહતઆલાને પસંદ નથી. તેના નઝદીક એ શખ્સની ઈઝ્ઝત છે જે તકવા-પરહેઝગારી રાખે. દૌલતે દુનિયાથી નહીં મગર દૌલતે તકવાથી અલ્લાહતઆલા ખુશ થાય છે.

આ વાકેઆથી સાફ થઈ ગયું કે, દીને હક્કના હિમાયતી અને મદદગારો પહેલામાં પહેલા માલી હાલતથી પસ્ત લોગો જ હશે. આ લોગો બાહરથી ફકીર જેવા દેખાશે પણ તેઓના દિલો ઝમીર ઈમાનની દૌલતથી ભરેલા હશે. આ જ ખરા લોગો છે. તેઓને શોહરત, લાલચ, હસદ, દૌલત, રૂત્બો, રાહતની કોઈ જ પરવાહ નહીં હોય. મગર હક્કના સાહેબ નું શું ફરમાન છે તે જ મુજબ તેઓ અમલ કરશે. હક્કના સાહેબ વાસ્તે ઈરશાદે ઈલાહી એમ છે કે, **"આ સિફતના લોગોને તમેં તમારા નઝદીક બેસાડો અને સામે ચાલીને તમેં તેઓ ઉપર સલામ પઢો."**

એક દિન રસૂલુલ્લાહ બાવાજીને નઝદીક એક માલદાર નસરાની આવો અને એં જોયું કે, આપના અસ્હાબ માંથી એક શખ્સ ફકીરાના લિબાસ પહેરીને આપના પાસે બેસેલો છે. એ નસરાની આપના પાસે ના બેસો મગર ઊભો ઊભો કહેવા લાગો કે, "અય સાહેબ ! આપ કહો છો કે આપ ખુદાના નબી છે. તેની કિતાબની આયતોને આપ પઢો છો.

(બકીયહ પેજ નં. ૧૦૫૨)

**હાજિત પૂરી થાય તે વાસ્ત એક વક્તે મુકર્રર છે.**

(પેજ નં. ૯ નું બાકી)

આપની શાનને ખિલાફ છે કે, આપ આ તરહના ફકીરોને સાથે બેસો. રઈસો અને દૌલતમંદોની સોહબત આપ ઈખ્તિયાર કરો તો નબી હોવાની આપની વાત મારા દિલમાં ઉતરે. આપના નઝદીક હું બેસીને આપના કલામને સાંભલું અને આપના દીનમાં દાખિલ થવાનો વિચાર કરૂં."

આપે ફરમાવું કે, "અય શખ્સ! અલ્લાહતઆલા તુંને હિદાયત આપે. **તે જેને ચાહે તેને માલદાર બનાવે અને જેને ચાહે તેને ફકીર બનાવે.** માલદારને ઈઝઝતદાર સમઝવું અને ફકીરને ઝલીલ સમઝવું એ તારી અક્લ અને નઝરનો કુસૂર છે. ફકીર સાથે બેસવાથી શું તુંને ફકર (ગરીબી) લાગી જાશે! યા અમીર સાથે બેસવાથી શું તું દૌલતમંદ બની જાશે! ફકીરોના દિલમાં અલ્લાહનો તકવા ઝિયાદહ હોય છે. તેઓ યકીન અને તવક્કુલમાં પુખ્તા હોય છે."

રસૂલુલ્લાહ બાવાજી આ તરહના અસ્હાબને "**અસ્હાબુસ્સુફ્ફહ**" કહેતા હતા. તેઓ ફકીરાના લેહાઝથી અને ગરીબાના લિબાસમાં પૈશ થાતા હતા. એમ ન્હોતું કે તેઓ માલદાર હતા અને ફકીર હોવાનો દેખાવ કરતા હતા. મગર હકીકતન તેઓ પાસે દુનિયાવી દૌલત ન્હોતી, મગર **ઇમાન અને વલાયતની દૌલત હતી.** તેઓ તાલિબાને ઈલ્મ હતા, તાલિબાને હક્ક હતા. નબી સાહેબના હુજરહ-કમરાના નઝદીક મસ્જિદે નબવીના જે હિસ્સાને "**સુફ્ફતુલ મસ્જિદ**" કહે છે, તે ચબુતરામાં આ અસ્હાબ ઈલ્મને હાસિલ કરવા બેસતા હતા.

મદીનાના અન્સાર માંથી ચંદ માલદારો જે વક્ત આ અસ્હાબને જોતા તો નબી સાહેબને અરઝ કરતા કે, "આ લોગોને આપના નઝદીકથી હટાવી દો, દૂર કરી દો, આપના હુજરહને આગલ બેસવાથી મનાઅ કરી દો. તો જ લોગોમાં આપની ઈઝઝત વધશે અને માલદારો આપના કરીબ થાશે."

અલ્લાહતઆલાએ કુરઆનની આયતોના ઝરીએ આ મુજબ "**ના**" કરવાની તાકીદ ફરમાવી અને બતાવી દીધું કે. "ફકરો ગિના, અમીરી-ગરીબી, દૌલતમંદી-ખસ્તાહાલી તે તો બંદા વાસ્તે આઝમાઈશ-ઈમ્તેહાનનો સબબ છે. તે કઈ હક્કાનીયત અને નુબૂવતની દલીલ નથી. અલ્લાહ શુક્ર કરનારને પણ જાણે છે અને કુફ્ર કરનારને પણ જાણે છે. લેહાઝા, આ અસ્હાબ, અસ્હાબુસ્સુફ્ફહ ને હટાવવાનું તો એક તરફ મગર, અય નબી! જો તેઓ આપના નઝદીક આવે તો **આપ ખુદ આગલ વધીને તેઓના ઉપર સલામ બોલો.**" રસૂલુલ્લાહ બાવાજી આ લોગો ઉપર આગલ ચાલીને સલામ બોલતા અને ફરમાવતા કે, "અલ-હમ્દો લિલ્લાહ! અલ્લાહએ મારી ઉમ્મતમાં એવા લોગોને પૈદા કીધા છે કે, જેના ઉપર આગલ વધીને, સામે ચાલીને મને સલામ બોલવાનો હુક્મ કરવામાં આવો છે." ☆

## મૌલાકા રૌઝહ દેખ લે

**સૈ. હસન બદરૂદ્દીન બિન સૈ. વલી સાહેબ (આ.કુ.)**

**૧૯ રબીઉલ આખર ૧૦૯૦ હિ.**

મુજરઈ બદ્રુલ હોદા સરવર કા રૌઝ્હ દેખ લે,
હે બના મિસ્લે જિનાઁ મૌલા કા રૌઝ્હ દેખ લે.
હાઁ, ફક્ત આતે નહીં મુમિન ઝિયારત કે લીએ,
કુદસીયાઁ આકર યહાઁ કરતેં હૈં સજદા દેખ લે.
રૌઝ્હ બદરીયહ કી કોઈ લા નહીં સકતા મિસાલ,
આયતુલ કુરસી હે લિખ્ખી કબ્ર પર તું દેખ લે.
આ પડે મુશ્કિલ તો લે બદ્રુલ હોદા કા નામે પાક,
ફિર તું યે ઈસ્મે ગિરામી કા કરિશ્મા દેખ લે.
દર સે બદરૂદ્દીન કે ખાલી કોઈ જાતા નહીં,
તું ભી જલ્વા ઉસ સખીયુલ અસ્ખિયા કા દેખ લે.
હે અગર ગરદિશ મેં તું મિન્નત લે બદરૂદ્દીન કી,
અપની કિસ્મત કા સિતારા ફિર ચમકતા દેખ લે.
હુક્મ ફરમા દો અય મૌલા, જલ્દ ઈસ નાચીઝ કો,
તા કે ફિરસે આ કે રૌઝેહ કા નઝારા દેખ લે.
દેખના હે તુઝકો અન્વર હૂબહૂ બદ્રુલ હોદા,
આ કે સૈયેદના ઝકીયુદ્દીં કા ચહેરા દેખ લે. ☆

**મુખ્લિસ મુમિનની હાજિતો કમ હોય છે, લેહાઝા, એ સુકૂને દિલ સાથે જીવે છે.**

## તસ્બીહે મુજર્રબ
## કુરઆને કરીમને યાદ રાખવાની દોઆ

૧૪માં ફાતેમી ઈમામ મૌ. મઅદ અલ-મોઈઝ (અ.સ.) ના ચીફ જસટિસ સૈ. કાઝીયુન્નોઅમાન બિન મોહંમદ અલ-મગરિબી (રિ.અ.) ના મશ્હૂરો માઅરૂફ કિતાબ દઆઈમુલ ઈસ્લામમાં બયાન આવેલું છે કે, અઈમ્મતે ફાતેમીયીન (સ.અ.) ની સનદથી એમ બયાન આવેલું છે કે, રસૂલુલ્લાહ બાવાજીએ વલીયુલ્લાહ માઁ સાહેબાને આ દોઆએ ખાસ બતાવીને ઈરશાદ ફરમાવો કે, "અય મારા વલી ! તમને એમ ખૌફ છે કે, કુરઆને કરીમને પઢા બાદ તમેં તેને ભુલી જાશો યા તેની તિલાવત કરવામાં તમને ભુલ જાશે, ખતા કરશો. તો હું તમને આ દોઓ મુજર્રબ બતાવું છું. તેને તમેં બરાબર યાદ કરી લો અને કોઈ પણ કુરઆની સૂરત યા આયત પઢા બાદ તમેં તેને પઢો, જેથી તમારો ખૌફ દૂર થઈ જાય."

તો, અય મુમેનીન મુશ્ફેકીન ! હમેં પણ આ ખૌફનો શિકાર બનીએ છે. જે વક્ત તિલાવતે કુરઆન કરીએ છે તો એમ થાય છે કે, શાયદ ! ભુલ ના થઈ જાય. શું હમેં બરાબર મખ્રજ સાથે પઢીએ છે કે નહીં. હમારા નૌનિહાલ-બચ્ચાં સૂરતોને યાદ કરીને ભુલી જાય છે યા જલ્દી-જલ્દીમાં ખતાવાલી તિલાવત કરે છે. હમારા ઉપર ઝરૂરી બની જાય છે કે, નીચે આપેલી દોઆએ (તસ્બીહે) મુજર્રબને બરાબર પઢીએ અને **કુરઆને કરીમની તિલાવત** પછી તેને પઢવાની આદત બનાવી લઈએ.

**દોઆ :**

બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ

અલ્લાહુમ્મરહમની બેતરકે મઆસીકા અબદમ મા અબકૈતની, ફરહમ્ની બેતરકે મા લા યાઅનીની, વરઝુકની હુસ્નન નઝરે ફીમાં યુરઝીકા અન્ની, વલઝિમ કલબી હિફઝા કેતાબેકા કમા અલ્લમતની, વઅન અત્લૂહો અલન્નહવિલ્લઝી યુરઝીકા અન્ની. અલ્લાહુમ્મા નૌવિર બે કેતાબેકા બસરી, વતલિક બેહી લેસાની, વશરહ બેહી સદરી, વસ્તઅમિલ બેહી બદની વઅઈન્ની અલયહે, ઈન્નહૂ લા યોઈનો અલયહે ઈલ્લા અન્તા.

**તરજુમો :**

અલ્લાહતઆલાના નામથી શુરૂ કરૂં છું જે રહેમાન છે, રહીમ છે. અય પરવરદિગાર ! જહાં તક તું મને બાકી રાખે, વહાઁ તક હું એવી ચીઝોને છોડી દઈશ કે જે મને કોઈ ફાયદો ના કરે અને જે તારી નાખુશીમાં હોય. આ વાસ્તે તું મારા ઉપર રહેમત ફરમાવ. જે ચીઝમાં તું ખુશ હોય તેની હુસ્ને નઝરનું મને રિઝક અતા ફરમાવ. તારી નૂરાની કિતાબનું ઈલ્મ જે તરહ મારા નઝદીક છે તે તરહ તેને યાદ રાખવા પર મારા દિલને સાચવ. જે તરહ તુંએ તે કિતાબને બનાવેલી છે તે તરહ તેની તિલાવત કરનાર કર. અય પરવરદિગાર ! મારી આઁખોંમાં તારી પાક કિતાબનું નૂર ભરી દે, તેની ઝબાનથી મને બોલનાર કર, તેની ઝિક્રથી મારી છાતીને કુશાદા કરી દે, મારા જિસ્માની આઅઝાથી તું તેમાં આપેલા હુક્મ મુજબ અમલ કરાવજે, તેના પર જ તું મને મારી ઝાતને તૈયાર કરવાની તૌફીક અતા કરજે. ઝરૂર ! તારા સિવાય કોઈ બીજું એવી મદદ આપી શકતું નથી. ☆

---

**હાજિતો વાસ્તે શિકવા-શિકાયત કરવી તે શર, બુરાઈ છે.**

**જે ખરો બંદો હશે, એની હાજિતો પૂરી થાય યા ના થાય એ હમેશા શુક્ર અદા કરશે.**

**આખેરતની હાજિત, દુનિયાની હાજિત કરતા ઊલા, અફઝલ અને મુકદ્દસ છે.**

**હાજિત કઝા થાય તે વાસ્તે જલ્દબાઝી અને શિતાબી ના કરવી જોઈએ.**

(પેજ નં. ૬ નું બાકી)

નબી સાહેબ કુફ્ફારને નઝદીક ગયા અને કહ્યું કે, "જે ચીઝ તમેં મારા કાકાજી સાહેબ પાસે જઇને મારા વાસ્તે કહી આવા છો તેની હું હિદાયત અને વઝાહત કરવા ચાહું છું. જો તમેં સઘલા તમારા દીનમાં સુધરવા માંગતા હોવ તો તમેં એક સાથે એક જ કલેમો કહી દો કે, જે કલેમહની બરકતથી તમેં તમામ અરબ ઉપર ગાલિબ થાશો અને અજમ પણ તમારા સામે ઝુકશે!"

કુફ્ફાર બોલા કે, "અય મોહંમદ ! હાઁ, એક કલેમો નહીં પણ જો આમ જ હોય તો દસ કલેમાત કહેવા હમેં તૈયાર છે." આપે ફરમાવું કે, કહો, "**લા ઇલાહા ઇલ્લલ્લાહ,** " તે અલ્લાહતઆલા સિવાય જેટલા પણ બુતો છે જેને તમેં ઝુકો છો, પૂજો છો તેને છોડી દો. તેઓ તૈશમાં આવી ગયા અને તાલીઓ વગાડતા-વગાડતા કહેવા લાગા કે, "**ઓહો જોવ ! આ મોહંમદ તો એમ ચાહે છે કે, તમામ હમારા ખુદાઓને એક ખુદા બનાવી દે, યાઅની સઘલા ખુદાઓથી હમને છોડાવીને ફક્ત એક ખુદાને માનવાનું કહે છે, શું આ વાત નિહાયત અજીબ નથી ??**" નબી સાહેબની મઝાક ઉડાવતા તેઓ ચાલા ગયા. આ તરહ કફ્ફારના દરમિયાન હક્ક તો આવો મગર તેઓ તેની માઅરેફત ના કરી શકા. આમ જ હર ઝમાનમાં બને છે અને બના કરશે. ✯

---

(પેજ નં. ૮ નું બાકી)

બેસાડતા. ઘણી જ તાઅઝીમો તકરીમ કરતા. આપને ખભા પર સવાર કરીને તવાફે બયતુલ્લાહ કરતા હતા.

**(૭) આપની પરવરિશની ઝિમ્મેદારી આપના દાદાજી સાહેબ મૌ.અબ્દુલ મુત્તલિબ કોને સિપુર્દ કરે છે જે વક્ત ઝિંદગીનો આખિરી વક્ત આવે છે ?**

**જવાબ :** આપના દાદાજી સાહેબ એમના ઈન્તેકાલ પહેલા આપના કાકાજી સાહેબ અને એમના લાડલા ફરઝંદ મૌ. અબૂ તાલિબને આપની પરવરિશની ઝિમ્મેદારીથી ખાસ કરે છે. દાદાજી સાહેબ વસીયત કરે છે કે, "અય અબૂ તાલિબ ! જોવ, બરાબર સાંભલો ! તમારા ઉપર મને પુખ્તા ભરોસો છે. આ બચ્ચા મોહંમદ તમારા ભાઈના દીકરા છે, યતીમ છે, શફકતે વાલેદૈન થી મહેરૂમ છે, તન્હા-એકલા છે. જોવ, એની તમેં પૂરી તરહ હિફાઝત કરજો, તમેં એના સગા કાકા છો. મારા નઝદીક ઘણા કરાબતવાલા છો મગર એ સઘલાને મુકીને હું તમને આ વસીયતથી મખ્સૂસ કરૂં છું. તમેં ઝબાનથી, હાથથી, માલથી, હર તરહથી એની મદદ કરજો. દુશ્મનો ઘણા છે, તેઓથી એને બચાવીને રાખજો. મારા ચહેતા અબૂ તાબિલ ! **આ મોહંમદ, મોટી ઉમ્મતના સરદાર બનશે, તમારા દરમિયાન એની શાન અઝીમ થાશે.**"

મૌ. અબૂ તાલિબે આપના બાવાજી સાહેબની વસીયતને કુબૂલ કીધી અને હાથ પર હાથ મુકીને મીસાકો વચન આપું. તે વક્ત દાદાજી સાહેબે ફરમાવું કે, "**અય મારા અહલુલ બૈત ! હવે મારી મૌત આસાન છે.**" નબી સાહેબના રૂએ અન્વરને જોઇને, બેવે આઁખો દરમિયાન પૈશાનીને ચુમીને આપ ઈન્તેકાલ કરી ગયા. તે વક્ત નબી સાહેબની ઉમ્રે મુબારક ૮ સાલની હતી. ✯

---

**રેહમતુલ લિલ આલમીન હબીબો રબ્બિલ આલમીન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, જિબ્રઇલ અમીને મને ખબર કીધી કે, જે વક્ત કોઇ મહેમાન તેના મુમિન ભાઇના ઘરમાં દાખિલ થાય છે તો તેના સાથે હઝાર બરકત અને હઝાર રેહમત દાખિલ થાય છે અને અલ્લાહતઆલા તેના ગુનાહો અને ઘરવાલાના ગુનાહોને બખ્શી નાખે છે. અગર એના ગુનાહો દરિયાના ફીનથી ઝિયાદહ યા દરખ્તના પત્તાઓથી ઝિયાદહ હોય તો પણ. અલ્લાહતઆલા એને ૧૦૦ શહીદનો સવાબ આપે છે અને મહેમાન એક જમનનો લુકમો એને ત્યાં જમે છે તો એનો સવાબ હજ્જ-ઉમરાહનો લખી દે છે. અલ્લાહ જન્નતમાં એક શહેર એના વાસ્તે બનાવી દે છે અને તે કોઇ મહેમાનને ઇઝ્ઝત બખ્શે તો તેએ ૭૦ નબીઓની કરામત કીધી, બરાબર છે.**

**હાજિત પૂરી થાતી નથી, તે વાસ્તે બંદો ખુદ જવાબદાર છે.**

# કહાની કાઅબાની

## કિસ્ત - ૨

અલ્લાહતઆલાએ મૌ.આદમ નબીનો હજરે અસ્વદના ઝરીએ મીસાક લીધો અને તે મીસાકને ઝખીરો કીધો, સાચવી લીધો, જેથી વક્તે ઝરૂરત હજરે અસ્વદ તેને મીસાક આપનારાઓ વાસ્તે શાહિદ બની શકે. તે બાદ અલ્લાહતઆલાએ મૌ.આદમ સફીયુલ્લાહને હુકમ કીધો કે. **" આગલ ચાલો, મુકદ્દમ થાવો, ડગલા ભરો, તમારી ઝાતે ઇન્સાની પર એતેમાદ રાખો. "** હુકમે ઈલાહીના સબબ અને તેની તાઈદથી મૌ.આદમ નબી આગલ વધા, ચાલવા લાગા, તો બકુદરતે ઈલાહી આપ હિન્દની પાક ઝમીનમાં દાખિલ થઈ ગયા. આપને ખૂબ જ ઈત્મિનાન થયું. આપ કલેમએ હક્કને લોગો દરમિયાન પઢવા લાગા, કાફિર દિલોમાં ઈમાનનું નૂર દાખિલ કરતા ગયા અને એક ધારેલી મુદ્દત તક આપ આ જ ઝમીન પર રહ્યા.

પછી, વક્ત ગુઝરતા આપ આગલ વધતા ગયા. આપના દિલમાં વહેશત-દહેશત વધતી ગઈ. આપ બેકલી અને બેકરારીનો શિકાર થયા. આ ઝમીનથી નિકલીને આપ હિજાઝની ઝમીન તરફ વધતા ગયા. જાણે કે, તે **ઝમીનમાં આપનો નસીબો હતો, તે આપને તેની તરફ ખેંચતી હતી.** તેમાં અલ્લાહના ઘર (બયતુલ્લાહ) ની બરકત હતી. આપને પણ તે ઝમીન તરફ જાવાનો શૌક પૈદા થયો.

હાતિફે ગાઈબાના નિદા કીધી કે, "અય આદમે બશરી ! જે શખ્સ ચાહે કે, અલ્લાહનો મહેમાન બને. એના ગુનાહોં મુઆફ થાય. તો, ઝુલ-હિજ્જહ મહીનામાં એ બયતુલ્લાહ તરફ આવે. દુનિયાની તમામ રાહતની ચીઝોને મુકી દે. ઝાયેકાદાર જમવા-પીવાની ચીઝોને છોડી દે. શિકાર ના કરે. જે આ મુજબની તકેદારી રાખશે એને મોહરિમ કહેવાશે અને એને હજ્જની તૈયારી કીધી એમ સમઝાશે."

મૌ.આદમે અરઝ ગુઝારી કે, "આ હજ્જ શું છે ?" નિદાએ ગૈબ આવી કે, "હજ્જ પઢવી યાઅની હરમે કાઅબતુલ્લાહ-બયતુલ્લાહમાં હાઝિર થાવું, તવાફ દેવા, તૌબા કરવી, મગફેરત માંગવી, ઈબાદત કરવી, ખુદાનો ખૌફ રાખવો, ખલ્કે ખુદા તરફ નમનતાઈ રાખવી, તેના નામે મુબારક પર ઝબીહત કરવી, સદકાત આપવા, જમણ જમાડવું, વગૈરહ. મૌ.આદમે **નિય્યતે સાદેકહ કીધી અને પાકા અઝ્મો ઇસ્તિકલાલ સાથે** આગલ કદમોને વધારતા ગયા. મુખ્તલિફ જગાઓ પર આપ ઠહેરા, ઈબાદત કીધી, જમણ-પાનીની તલાશમાં અય્યામો તક ભટકતા રહ્યા. તે જગાઓ આવનાર ઝમાનામાં આબાદ-શાદ થઈ, તે જગા પર લોગો આવીને વસા. આનાથી બરખિલાફ જે જગાઓ પર ફકત આપનો ગુઝર થયો, યાઅની, ના આપે ખૈમાઓ ઊભા કીધા યા ના આપે ઈબાદત કીધી, તે જગા વીરાન રહી ગઈ, જંગલ-બયાબાનમાં તબ્દીલ થઈ ગઈ.

સાલો તક સફર કરતા-કરતા આપ અને આપના મુઆવિનો-મદદગાર મુમેનીન મક્કાની હદમાં દાખિલ થયા. તે પાકીઝા, તૈયેબો તાહિર ઝમીન પર પગ મુકતા જ આપને અજબ સુકૂન અને ઈત્મિનાન હાસિલ થયું. આપના ચહેરા પર નૂર ઔર ઝિયાદહ વધતું ગયું. **હરમે બૈતે ખુદાને નઝદીક આવા તો ત્યાં જ ખૈમાઓને નસબ કીધા.** આપના દિલમાં એ મુજબ શૌકે ઇબાદતનો વલવલો ઊભરો કે, જાણે આપને આપની મંઝિલે મકસૂદ મિલી ગઈ હોય, પ્યાસાને પાની મિલી ગયું હોય, ખોવાયેલી અમાનત દોબારહ હાથ લાગી ગઈ હોય.

અલ્લાહતઆલાએ આપના ઉપર ઈનાયતે ખાસ્સહ કીધી. આપને તેના ગહેવારામાં લઈ લીધા. મલાઈકત-ફરિશ્તાઓ આપના ઉપર સાયો કરવા લાગા. આપ થી મુલાકાતના શૌકીન બના. તેઓમાંથી એક ફરિશ્તા કે જેના ઉપર હુકમ ઈલાહી હતો, આપને કહેવા લાગા કે, " અય ખુદાના નબી આદમ ! તમારા ઉપર સલામ છે. તમારા પહેલા ૨ હઝાર સાલથી હમેં આ મુબારક જગા કે, જેનો ફક્ત એક ઝમીની ઈમ્લો છે અને ચોખટ છે, તેની હમેં હજ્જ કરીએ છે. હમારી એવી ઉમ્મીદ છે કે, તમેં પણ હમારા મિસિલ આ બયતુલ્લાહના તવાફ દો, તમેં આ અમલથી રહેમતે ખુદાવંદી હાસિલ કરો." ✯

**દુનિયાની હાજિતો જેટલી ઓછી, તેટલી આફતો ઓછી.**

# ઝૈદનો અંજામ

## કિસ્ત - ૨ (અપની ઝબાન)

અપના ચોથા ફાતેમી ઈમામ મૌ.મોહંમદુલ બાકિર (અ.સ.) એ એક દિન આપના ભાઈ ઝૈદને કહ્યું કે, "અય ઝૈદ ! આ વક્ત અપના ઝાહિર થાવાનો નથી. લોગો માંસી ઉઠીને હુકમરાની કરવાનો નથી. અપના હાથમાં દુનિયાની સલતનત ની લુગામ થામવાનો નથી. અપના માંસી જે કોઈ શખ્સ આ મુજબ નાદાની કરસે, વક્ત પહેલા ખોટી જુરઅત કરસે, તલવારને પોતાના હાથમાં લેસે, તો એ શખ્સનો હાલ તે પરિંદાની જિવો થાસે કે, જે બચ્ચું પોતાના પર અને પાઁખ ઉગવા પહેલા, મઝબૂત થાવા પહેલા, ખુદનું વજન ઝિલવા પહેલા, પોતાના માલા માંસી ઉડવા ગયું અને તે ઉડી તો ના સકું મગર નીચે **ઝમીન પર પડી ગયું, ઘાયલ અને ઝખ્મી થઇ ગયું.** આ હાલમાં ઈન્સાનના બચ્ચાઓ તેને જોઈને તેને હાથોંમાં પકડીને રમત કરવા લાગે, ખિલોનું સમઝીને ફેંકવા લાગે યહાઁ તક કે, તે ઝખ્મી પરિંદાનું બચ્ચું હલાક થઈ જાય અને જાનને ખોઈ બેસે."

"લેહાઝા, અય ઝૈદ ! તકાઝએ વક્ત અને ઝમાનાનો રૂખ એ છે કે, તમેં ગૌર કરો. તમારી ભલાઈ તો એમાં છે કે, હાલમાં તમેં ખુદને કાઈમ ના કરો. તમારી જાનને ખુદાની પનાહમાં રાખો. ખુદા અને ખુદાના રસૂલની પનાહ સિવાય હમારા પાસે બીજો કોઈ ચારો નથી. જો તમેં આ પનાહસી ખુદને આઝાદ કરી લેસો અને રિયાસત વાસ્તે લોગોમાં આસરો ઢુંઢસો, તો ઝરૂર **તમેં તમારી જાનને ખોઇ બેસસો,** તમને કત્લ કરવામાં આવસે, તમને સૂલી પર ચઢાવવામાં આવસે. તમારાસી લોગો દગાબાઝી કરીને તમારી ઝિંદગીસી રમત રમસે અને તમને ખિલોનું બનાવીને હલાક કરી દેસે."

ઈમામ આલી મકામની કોઈ વાત ઝૈદે ના માની. એ પોતાની ઝિદ પર અડી રહ્યો. ખુદની મનમાનીના ઘોડા દોડાવતો રહ્યો. રિયાસત, હુકમરાની અને સલતનતની લાલચમાં આંધલો થઈ ગયો. ઈમામે હક્કની હિદાયતોનું નૂર એના સામે હતું મગર ગુમ્રાહીના અંધારાના પડદા એની આઁખો પર પડેલા હતા. ઈમામે હક્કનો આસી બનીને, નાફરમાન બનીને, એ લોગોને પોતાના તરફ દાઅવત કરતો રહ્યો. બીજી જાનિબ ઈમામે હક્ક મૌ.મોહંમદ અલ-બાકિર (અ.સ.) આપના શીઆ ખોલસાને નાફરમાન ઝૈદની ખબર દેતા રહ્યા અને પૈશગોઈ કીદી કે, **"એ કત્લ થાસે અને કિનાસહના બાઝારમાં સૂલી દેવામાં આવસે. તે વાસ્તે, અય મારા શીઆ ! તમેં હરગિઝ એને સાથે ના થાજો. એની વાતો પર એતેમાદ ના કરજો. એના કૌલના મકરની જાલમાં ના ફસાજો."**

ઈમામે હક્કની આ હિદાયત અને નસીહતસી ઘના શીઆઓની આઁખ ખુલી ગઈ. શક દૂર થઈ ગયો. ઝૈદ પર લાઅનત બોલવા લાગા. જૂઠનો પડદો ફાશ થઈને હકીકત સામે આવી ગઈ. એક રોઝ ઈમામે હક્કના કિટલાક શીઆ ઝૈદના ઘરે ગયા અને દરાઝ હુજ્જત પૈશ કીદી. વાત-વાતમાં તેમાંસી ચંદ લોગોએ કહ્યું કે, "અય ઝૈદ ! તમેં જે મુજબ પોતાને કાઈમ કરો છો. ઈમામતના સાહેબ બનેલા છો. ખુદ ની તરફ ઈમામે હક્કના હુકમને ખિલાફ દાઅવત કરો છો અને સાથે મૌ.ઈમામ ઝૈનુલ આબેદીન (અ.સ.) ના ફરઝંદ છો. હિવી કરાબત તમેં લોગોને બતાવો છો, તો **શું તમારા બાવાજીએ હિવો કોઇ હુક્મ કીદો છે યા તમારા ઉપર નસ્સ ફરમાવી છે યા તમારા નઝદીક કોઇ રિસાલો મૌજૂદ છે ?"**

આ સવાલ પર ઝૈદ મઝીદ કહેવા લાગો કે, એ શખ્સ ઈમામ હોઈ ના સકે કે જે પોતાના ઘરમાં પડદાનશીન થઈને બેસી રહે. ઉમ્મતની કોઈ ખબર ના રાખે. તેમાંસી ચંદ શીઆ બોલા કે, "તમારા કહેવાસી તો જે શખ્સ તલવાર પકડે તે ઈમામ કહેવાય અને જે શખ્સ તલવાર ના પકડે તે ઈમામ ના હોઈ શકે, તો ભલા અગર તમારા માંસી ચાર-પાઁચ શખ્સ તલવાર પકડે, તો તમારા કહેવા મુજબ એ સઘલા જ ઈમામ બની જાય, સઘલા જ ઉમ્મતની ખિદમતમાં લાગી જાય. જો ઈમ જ હોય તો કયો શખ્સ ઉપર કહેવાય અને કયો શખ્સ એને તાબેઅ થાય. કૌન-કૌને હુક્મ કરે. ઉંમર, ઈલ્મ યા કરાબતના લેહાઝસી તમારા માંસી જ **કૌન ફાઝિલ થાય યા કૌન મફઝૂલ થાય.**" આ સાંભલીને ઝૈદ પાસે કોઈ હુજ્જત બાકી ના રહી અને એ ચુપ થઈને તાંસી ચાલો ગયો. ✯

**ઈશાઈલ આખેરતની નમાઝ બાદ " કઝાઈલ હવાઈજ " ની નમાઝ પઢવી જોઈએ.**

## એન્ગેજમેન્ટ પછી અને શાદી પહેલા

**(અપની ઝબાન)**

અલ્લાહતઆલાએ વાલેદૈન વાસ્તે મોટામાં મોટી નેઅમત એમની ઔલાદને મુકેલીચ. ઔલાદ બાલિગ થાય કે, એમના પર શાદીની ઝિમ્મેદારી આવી જાઇચ. શાદીનો મુકદ્દેમો ઔલાદની નિસ્બત-એન્ગેજમેન્ટ છે. સહી શખ્સ સાથે રિશ્તો જોડાવવો એ પણ એક સઆદત છે. શાદી કરીને જેના સાથે પૂરી ઝિંદગી ગુઝારવાનીચ એના નઝદીક નિસ્બત દૌરાન આ ચંદ ખુલાસા કરી લેવા ખૂબ જ ઝરૂરી થઈ જાઇચ.

(૧) જિસ્માની ખોડખાપણ, તકલીફ, બીમારી, કમ્ઝોરી, એલર્જી વગૈરહ.
(૨) માલી હાલાત, કર્ઝ, દેવું, આમદની વગૈરહ.
(૩) સોશિયલ મિડીયા પર ચંદ ખાસ લોકો સાથેના તઅલ્લુકાત.
(૪) રિશ્તેદારો સાથે મીઠા-કડવા તઅલ્લુકાત.
(૫) ઘરમાં અવાર-નવાર આવનાર લોકો સાથેના રિશ્તા.
(૬) કિચનમાં બનનાર ચીઝોની આવડત, પસંદગી-નાપસંદગી.
(૭) જોબ કરવાની મસ્લેહત.
(૮) સવારે લેટ ઉઠવાની આદત.
(૯) એકબીજાના મોબાઇલ ઈસ્તેમાલ કરવાનો તસ્વીયો.
(૧૦) જલ્દીથી ફેમિલી શુરૂ કરવાની અને ઔલાદ લેવાની મસ્લેહત. ✫

## વાંચો, યાદ રાખો અને જવાબ આપો

મિશ્કાતુલ હાદી અખ્બારનું આ ૨૩મું સાલ છે. કારેઈનના ઈલ્મી ઝૌકો શૌકના સબબ તેમાં શાયેઅ થાનાર હર મઝમૂન ને ખૂબ જ ગૌરથી અને દિલચસ્પીથી વાંચે છે. જેમ લફઝી કશમકશ ઈલ્મી કસૌટીનો એક ઝરીઓ બનેલો છે, તેમ આ કોલમમાં હમેં ચાલુ શુમારા માંથી ટોપિક્સ શાયેઅ થયેલા હોય તેમાંથી જ ૭ સવાલો આપને દરમિયાન આપીશું. ટોપિક્સ ધ્યાનથી વાંચીને આપને તેના જવાબો તલાશ કરવાના છે અને પોતાના ઈલ્મ અને યાદદાશ્તને ચકાસવાની છે. સવાલોના આખિરમાં તેના જવાબો ઉલટા પ્રિન્ટ કરવામાં આવા છે. જેના સબબ આપ ખુદ તેને વાંચીને પોતાનો જવાબ ખરો છે કે ખોટો તે જાણી શકો.

**સવાલો :**

(૧) આગ હરામ છે તે શખ્સ પર જેએ આપની પરવરિશ કીધી ------- આ કલામ કોએ ફરમાવા છે ?
(૨) દૌલતે દુનિયાથી નહીં મગર અલ્લાહતઆલા -------- થી ખુશ થાય છે.
(૩) મૌ. અબૂ તાલિબ (અ.સ.) વફાત થયા, તે વક્ત મૌ. અલી (અ.સ.) કઈ જગા તશરીફ રાખતા હતા ?
(૪) ફકરો ગિના, અમીરી-ગરીબી, દૌલતમંદી-ખસ્તાહાલી, એ --------- અને --------- ની દલીલ નથી.
(૫) અલ્લાહતઆલાએ મૌ. આદમ (અ.સ.) નો મીસાક -------- ના ઝરીએ લીધો હતો.
(૬) મૌ. આદમ નબીએ કાઅબતુલ્લાહ તાઅમીર કીધા તેને કેટલા સાલ પહેલાથી ફરિશ્તાઓ તેના તવાફ દેતા હતા ?

**જવાબો :** (૧) મૌ. અબ્દુલ મુત્તલિબ (અ.સ.) (૨) દૌલતે તકવા (૩) જન્નતુલ મોઅલલા (૪) હક્કાનીયત અને નુબુવ્વત (૫) હજરે અસ્વદ (૬) ૨ હઝાર સાલ.

**હાજિતોને મખ્ફી રાખવી તે ખૈર છે.**

**આ દાઈની દિલમાં મોહબ્બત રહે**
**૬૯મી મીલાદે મયમૂન ૪૫ માં દાઇએ હક્ક હાતિમુલ ખયરાત વ રબીઉલ બરકાત સૈ.વ.મૌ. અબૂ સઇદિલ ખૈર ડૉ. હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.)**

સલામત ખુદાની આ દાઅવત રહે,
સલામત સલામત સલામત રહે,
આ દાઈની દિલમાં મોહબ્બત રહે,
સલામત ખુદાની આ દાઅવત રહે.

છે શોહરત શહે દીંની કૌનો મકાઁ માં,
બલંદ થાય ઇકબાલ શેહ નો જહાઁ માં,
ફિઝૂં દિન-બ-દિન શાનો શૌકત રહે,
સલામત ખુદાની આ દાઅવત રહે.

છે હાતિમનું નામે મુબારક લબોં પર,
છે મોહરે ઝકીયુદ્દીં હર એક દિલોં પર,
યે આકાની દિલમાં મોહબ્બત રહે,
સલામત ખુદાની આ દાઅવત રહે.

થઇ અગણોસિત્તેર વરસની ઉંમર,
સેહત સાથ ગુઝરે જહાઁ નો સફર,
હમેશા આ મૌલાની શફકત રહે,
સલામત ખુદાની આ દાઅવત રહે.

જહન્નમમાં મૌલાના દુશ્મન બલે,
ન નામો નિશાઁ એના બાકી રહે,
ઝકીયુદ્દીં મૌલા બા ફરહત રહે,
સલામત ખુદાની આ દાઅવત રહે.

છે હાતિમ શહા પંજતનના પિયારા,
ને તૈયેબ શહાના છે આઁખોંના તારા,
હમેશા જહાઁમાં આ હઝરત રહે,
સલામત ખુદાની આ દાઅવત રહે.

તમન્નાના મોતી આ શેહથી મિલે છે,
ને નેઅમતમાં મુમિન યે શેહની પલે છે,
સદા શેહની જારી સખાવત રહે,
સલામત ખુદાની આ દાઅવત રહે.

શિફા આપે હક્કના કરમથી આ મૌલા,
ને મુર્દા દિલોંને જિલા દે આ મૌલા,
મસીહાઇ બાકી યે કુદરત રહે,
સલામત ખુદાની આ દાઅવત રહે.

યે શેહના હરમ, મજલિસોને મહાફિલ,
એના મુમેનીં પર ફઝલ થાય નાઝિલ,
જહાઁ માં યે સબ બાહિફાઝત રહે,
સલામત ખુદાની આ દાઅવત રહે.

ખુદા શેહને આપે યે ઉમ્રે તવીલ,
હમેશા છે અન્વર દોઆએ જલીલ,
યે મૌલાની તા-ઉમ્ર સેહત રહે,
સલામત ખુદાની આ દાઅવત રહે. ✩

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને **A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman)** કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✩

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૨૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.